# શ્રી આર.જી.દેવધરા, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.

**અરજદાર** : **મે.શ્રી જયોતિર્લીંગ કોન્ટ્રાકટર**
ગાલા નં.૮, સંકલ્પ એપાર્ટમેન્ટ,
અમલી, સીલ્વાસ
૮/૦, વર્લ્ડવાઈડ સેકટી પ્રા.લી.
જી.આઈ.ડી.સી. એપરલ પાર્ક,ખોખરા, અમદાવાદ.

**વિરૂઘ્ધ,**

**સામાવાળા** : **ઈ.એસ.આઈ. કોર્પોરેશન,**
ઠે.પંચદીપ ભવન,આશ્રમ રોડ,
અમદાવાદ.

**<u>હાજર રહયા:–</u>**

અરજદાર તરફે : વિઘ્વાન વકીલશ્રી કે.વી.ગઢીયા.
સામાવાળા તરફે : વિઘ્વાન વકીલશ્રી ટી.આર.મકવાણા.

**–:: <u>આંક–ર હેઠળ હુકમ</u> ::–**

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૭૫ મુજબ આંક–ર થી વચગાળાની અરજી સાથે સામાવાળા વિરુઘ્ધ દાખલ કરી તેમની મુળ અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી સામાવાળા કોર્પોરેશન તા.૧૩/૨/૨૦૨૩ ની સી–૧ ૮ (એડહોક), તા.૧૪/૩/૨૦૨૪ નો કલમ–૪૫(એ) નો હુકમ, તા.૭/૩/૨૦૨૪ ની સી–૧૯ તથા તા.૧૪/૩/૨૦૨૪ ની સી.પી.–ર મુજબની આગળ કોઈ કાર્યવાહી સામાવાળા, તેમના એજન્ટ કે અધિકારીઓ ન કરે તેવો હુકમ કરવા તથા તેઓના ખાતા સીઝ કરેલ છે તે તમામ ખાતા રીલીઝ કરવા અંગેનો હુકમ કરવા દાદ માંગેલ છે.

**ર.** અરજદારની મુળ અરજી તથા આંક–ર ની મનાઈ અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ જે ઘ્યાનમાં લીધા તથા બંને પક્ષકારોના વિઘ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૩.** આ કામે અગાઉ તા.૯/૫/૨૦૨૪ ના રોજ અગાઉના ન્યાયાધીશશ્રીએ આંક–૨ હેઠળ અંતરીમ આદેશ કરી અરજદારને કલમ–૪૫(એ) હેઠળના તા.૧૬/૬/૨૦૨૩ ના હુકમમાં ફાળા પેટે રૂા.૧૮,૧૮,૧૦૩/– ની ૫૦%ની રાઉન્ડ ફીગર રકમ એટલે રૂા.૯,૧૦,૦૦૦/– (અંકે રૂપિયા નવ લાખ દસ હજાર પુરા) આ હુકમની તારીખથી દિન–૩૦ માં સામાવાળા સમક્ષ જમા કરાવવા અંગેના હુકમના સંદર્ભે અરજદારે આંક–૧૧ થી પુરસીસથી જણાવેલ છે કે, તા.૯/૫/૨૦૨૪ ના રોજના આંક–૨ ના અંતરીમ આદેશ મુજબ ચુકવવાપાત્ર રાઉન્ડ ફીગર રકમ રૂા.૯,૧૦,૦૦૦/– પૈકી રૂા.૬,૪૫,૩૪૪/– ની રકમ લીયન રાખી વસુલ કરેલ છે અને બાકી રાઉન્ડ ફીગર રકમ રૂા.૨,૬૫,૦૦૦/– અરજદારે તેઓના ડી.ડી. નં.૬૦૫૮૯૧, તા.૧૨/૭/૨૦૨૪ ના પત્રથી ચુકવેલ છે તથા તેઓએ તા.૧૬/૭/૨૦૨૪ ના રોજ ઈ.એસ.આઈ. કોર્પોરેશનમાં જાણ કરેલ છે. જે અંગેની તા.૧૨/૭/૨૦૨૪ ના પત્રની નકલ આ સાથે કોર્ટ રેકર્ડમાં રજુ છે.

ઉપરોકત હકીકત અને બન્ને વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં અરજદારની આંક–૨ ની અરજીના પેરા નં.૪ મુજબ માંગેલી દાદ આંક–૧ અરજીની ફાઈનલ સુનાવણી સુધી અરજદાર વિરુધ્ધ ઉપરોકત રીકવરીની કાર્યવાહી સામે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ.**
**તા.૧૧/૧૦/૨૦૨૪**

**(રાજદીપસિંહ ગુમાનસિંહ દેવધરા)**
ન્યાયાધીશ,
કામદાર વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૪૪૨

પી.વી.ચુડાસમા, પી.એસ.